પાલક માતા-પિતા યોજનાના ધારા-ધોરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૬/૭૦૩૪૨૧/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩.૦૫.૨૦૧૭.

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૨૯.૦૮.૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮.૧૨.૨૦૦૯.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૩/૭૪૧૬૦૦/ન.બા.૦૨/છ, તા.૩૧.૦૭.૨૦૧૪.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯.૦૪.૨૦૧૬.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/૨૦૧૬-૧૭/૭૧૦૬, તા.૧૯.૧૧.૨૦૧૬.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/સંકલન/૨૦૧૭-૧૮/૧૨૨૭, તા.૧૩.૦૪.૨૦૧૭.

**આમુખ :-**

બાળકોના સ્વસ્થ અને સંતુલિત વિકાસ માટે કુટુંબ જેવો અન્ય કોઈ વિકલ્પ નથી છતાં કેટલાક વિપરીત સંજોગોને કારણે અનાથ નિરાધાર બનેલાં બાળકો માટે તેમના નૈસર્ગિક કુટુંબમાં તેમનો ઉછેર શક્ય બનતો નથી, આથી વિકલ્પે તેમનો ઉછેર બાળકો માટેની સંસ્થાઓમાં થતો હોય છે. સંસ્થાકીય ઉછેર બાળક માટે માત્ર

છેવટનો ઉપાય ગણી શકાય. આથી આવાં નિરાધાર અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં રાખી ઉછેરવાની જગ્યાએ તેઓને વૈકલ્પિક કુટુંબમાં રાખી પ્રાકૃતિક વાતવરણમાં ઉછેર કરવાથી તેઓનો સ્વસ્થ અને સંતુલિત વિકાસ થઇ શકે તે દ્રષ્ટીએ પાલક માતા-પિતાની યોજનાનો સરકારશ્રીએ ૧૯૭૮થી અમલ શરૂ કરેલ છે.

સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં અનાથ બાળકોના ઉછેરથી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાનાં હેતુ થી પાલક માતા-પિતાની યોજના સમગ્ર રાજ્યમાં શરૂ કરાયેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં અમલીકૃત બની છે. વંચાણે લીધેલ (૪) થી પાલક માતા-પિતા યોજના અંતર્ગત સહાયનો દર રૂ.૧,૦૦૦/- થી વધારી રૂ.૩,૦૦૦/- કરવામાં આવેલ છે. તદઉપરાંત જો બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થતો ન હતો. જેથી આવા બાળકો આ યોજનાથી વંચિત રહી જતાં હતા. આવા બાળકો પણ આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુસર જે બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા સંજોગોમાં પણ બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી કુલ રૂ.૭૨.૦૦ લાખની જોગવાઈનો વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની તથા સદરહુ નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલા ક્રમાંકઃ (૬)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગર ના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૫) અને (૬) થી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને અનાથ બાળકો માટેની પાલક માતા-પિતા યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧) ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

બાળકો માટેની પાલક માતા-પિતા યોજનામાં ઉક્ત સુધારો કરતા પાલક માતા-પિતા યોજનાના માપદંડ બદલી સહાયનો લાભ આપવા અંગેની કુલ રૂ.૭૨.૦૦ લાખ(રૂપિયા બોત્તેર લાખ)ની જોગવાઈ મંજૂર થયેલ હોઈ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરને રૂ.૭૨.૦૦ લાખ(રૂપિયા બોત્તેર લાખ)નો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતોઃ-</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૭/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ.),અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.